ડૉ. મનુ રેવાશંકર જપી

'ફેમિલી ડૉક્ટર' જેવા કોઈ ફરિસ્તાનું
હવે તો અસ્તિત્વ જ રહ્યું નથી.
પરંતુ પોતાના ઔષધિય ક્ષેત્રના અને
ડૉક્ટરી વ્યવસાયનાં પચાસ વર્ષોના
અનુભવોના આધારે ડૉ. મનુ જપીએ
છેલ્લાં પચીસ વર્ષોથી રીબાઉન્ડ કેસીસની
કન્સલ્ટીંગ પ્રેક્ટિસ કરતાં કરતાં, એમના
પોતાનાં જ સ્વજનો સમ બની ગયેલાં
'ફેમિલી પેશન્ટસ'ની એક નવીજ પેઢીનું
અસ્તિત્વ ઊભું કરવામાં કલ્પનાતીત સફળતા
પ્રાપ્ત કરી છે એમ કહેવામાં જરાય
અતિશયોક્તિ નથી.

ગર્ભાવસ્થામાં શું ન કરવું?



ડૉ. મનુ જપી

Garbhavasthaman Shun Na Karvun ?
by Dr. Manu Japee
R. R. Sheth & Co. Mumbai □ Ahmedabad
2001

© ડૉ. મનુ જપી
૧૩૬, કૃષ્ણનગર એસ્ટેટ, ડૉ. બી. આંબેડકર રોડ,
પરેલ, મુંબઈ ૪૦૦ ૦૧૨ ટે. નં. ૪૧૩૫૮૯૭

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૦૧
પ્રત : ૧૨૫૦

રૂ. ૧૫-૦૦

ભાગ્યવંતી ધરા શ્રેણી

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web : www.rrsheth.com
E-mail : rrsheth_co@hotmail.com

ટાઈપ સેટિંગ
સ્ટાઈલસ
૪/૨૪, ઈલોરા શોપિંગ સેન્ટર, જી.પી.ઓ. પાસે, અમદાવાદ

મુદ્રક
હરિઓમ્ પ્રિન્ટરી
દૂધેશ્વર, અમદાવાદ

મારે કંઈક કહેવું છે

ચાળીસેક વર્ષો પહેલાં શહેરની એક જાણીતી અને પ્રતિષ્ઠિત મેટરનિટી હૉસ્પિટલમાં ગાયનેકોલૉજી અને ઑબસ્ટેટ્રીક્સનું શિક્ષણ અને અનુભવ લેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું, ત્યારથી જ સ્ત્રીના શરીરની શૂન્યમાંથી સર્જન કરવાની ક્રિયા પ્રત્યે એક અહોભાવ તો ઉત્પન્ન થયો જ હતો.

ગર્ભધારણ થવો એ કુદરતની એક બેમિસાલ ક્રિયા છે અને એ ક્રિયા પૃથ્વી પરનો જીવમાત્ર સાવ કુદરતી રીતે કોઈની પણ મદદ વિના સહજતાથી, સરળતાથી કરી શકે છે.

જમીનમાં રોપવામાં આવતા બીજમાંથી ફણગો ફૂટવાથી માંડી, એ જમીન ચીરીને બહાર આવી એમાંથી એક મહાન વૃક્ષ એની મેળે જ થાય છે. હજારો ઈંડાં મૂકતી મધમાખીથી માંડી હાથી જેવાં મહાકાય જીવો પ્રજનનની ક્રિયા બીજી અન્ય નૈસર્ગિક ક્રિયાઓની જેમ સાવ સહજ રીતે પોતાની મેળે કરે છે.

એટલે જ આ બધાં જ જીવોએ પેદા કરેલ શિશુઓમાં કોઈ જન્મજાત વિકૃતિ જોવા મળતી નથી. તમે કદી લંગડો-લૂલો, બહેરો કે બોબડો, બે માથાંવાળો કે છ પગવાળો હાથી જોયો છે ? મંદબુદ્ધિ ધરાવતી કોઈ મધમાખી જોઈ છે ?

તો પછી માનવી નામના પ્રાણીની સમગ્ર વસ્તીના દસ ટકા બાળકો જન્મજાત ખોડખાંપણવાળાં પેદાં શા માટે થવાં જોઈએ ?

આ સવાલનો જવાબ સાવ સીધો, સાદો, સાચો અને સરળ ફક્ત એક જ છે :

"માનવી નામનું એકમાત્ર પ્રાણી એવું બેવકૂફ છે, જે એમ સમજે છે (અથવા કહો કે એને એમ સમજાવવામાં આવે છે) કે, એની માદાને ગર્ભધારણ કરતાં જ આવડતું નથી. અગર (એમની જાણ બહાર) કોઈ સ્ત્રીએ, કોઈની મદદ કે ચમચાગીરી વગર કુદરતી રીતે ગર્ભધારણ કરી લીધો હોય તો એને એમ ઠસાવવામાં આવે છે કે હવે એ ગર્ભને પોતાની મેળે ઉછેરતાં, વિકાસ પામતાં આવડવાનું જ નથી. એને સતત 'એમની' મદદની જરૂરત પડવી જ જોઈએ.

આવી માન્યતાઓને યેનકેન પ્રકારે સામાન્ય માનવીના મગજમાં ઠસાવનારાઓની એક આખી ફોજ, પછી આખી દુનિયાની મહિલાઓનાં કુદરતી રીતે ગર્ભધારણ કરવાની ક્રિયામાં અને ગર્ભના વિકાસમાં પદ્ધતિસરની ડખલ શરૂ કરી દે છે, જેનું રૂપાળું નામ ગર્ભાવસ્થાની સંભાળ – Pregnancy Care એવું આપવામાં આવે છે.

આ ડખલગીરીના પરિણામે દુનિયાની વસ્તીનાં દસ ટકા બાળકો (આ ઓછામાં ઓછો આંકડો છે) માનસિક-શારીરિક ખોડખાંપણવાળાં હોય છે અથવા માનવી કહેતાં પણ શરમ આવે તેવી ભયાનક વિકૃતિ ધરાવતાં પેદા થાય છે. સ્પાસ્ટિક્સ કે સેરેબ્રલ પાલ્સી અથવા બે માથાં કે ચાર પગવાળાં જન્મે છે. થેલાડોમાઇડ બેબીઝ Thaladomide Babies એ મેડિકલશાસ્ત્રે હોલસેલમાં આવા પેદા કરેલાં બાળકોનું જીવતું ઉદાહરણ છે.

સ્ત્રીબીજ (ovum) અને શુક્રાણુ(sperm)નાં મિલન દરમિયાન જ એ બન્નેમાં રહેલાં ક્રોમોસોમ્સ ભેગાં મળી એક નવસર્જનની ક્રિયા શરૂ કરી દે છે, જેની ખૂબ જ ચોકસાઈભરી માહિતી એ ક્રોમોસોમ્સમાં રહેલાં જીન્સ(genes)માં હોય છે. ગર્ભાવસ્થામાં ઉપચાર, સારસંભાળ કે મદદરૂપ થવાના નામે આપવામાં આવેલી કોઈ પણ સારવાર આ ક્રિયામાં ડખલ કરે છે અને પેલી સર્જનની રચનામાં વિકૃતિ આવે છે.

પોતાની નૈતિક જવાબદારીમાંથી સરેઆમ છૂટી જવા માટે આખી દુનિયાનાં મેડિકલશાસ્ત્રો પછી જન્મનાર બાળકની વિકૃતિને જન્મજાત ખોડ – Genetic Defectનું લેબલ સાવ નફટાઈપૂર્વક જરાય લાજશરમ રાખ્યા વિના ચોંટાડી દે છે.

જેમને લગ્ન પછીનાં બેપાંચ વરસ સુધી બાળક ન થયું હોય અને કૃત્રિમ રીતે ગર્ભધારણ કરાવ્યો હોય એમણે એમ માનવાની જરૂર નથી કે : "અગર જે કામ કુદરત કરી શકતી નથી કે એને કરતાં આવડતું નથી એવાં છોકરાં જણાવવાનાં કામો પણ પોતાની જાતને ભગવાનનો અવતાર માનનારાઓ પોતાની વિદ્યા અને વૈજ્ઞાનિક સિદ્ધિના જોરે આપી શકે છે. (આર્ટીફીશિયલ ઈન્સેમીનેશન કે ટેસ્ટટ્યુબ બેબીઝ) અને એટલે એ ભગવાન કરતાં મહાન છે."

* * *

તમે કદી કાળીચૌદસ કે અમાસની ઘનઘોર અંધારી રાત્રે સ્મશાનમાં જ્યાં હાડપિંજરો નાચતાં હોય અને ખોપરીઓ ખડખડાટ હસતી હોય એવા ભયાનક માહોલમાં લંગોટી પહેરી ચીપિયો ખખડાવતા 'સાધના' કરતા ભૈરવનાથોની કથાઓ સાંભળી છે ?

આ નિર્દય, રાક્ષસી પ્રકૃતિના મહાશયો, 'અપૂર્વ સિદ્ધિ' હાંસલ કરવા શું શું પરાક્રમો કરે છે એ પણ તમે સાંભળ્યું જ હશે. કૂકડો, બકરી, ભેંસ કે પાડાથી માંડી, ચોરીને લાવેલું કોઈનું નાનું નિર્દોષ બાળક કે કાચી કુંવારી કન્યા અથવા જીવંત માનવીનો બલિ ચડાવવામાં એમનું રૂંવાડુંયે ફરકતું નથી. અરે ભોગ ધરાવેલા એ જીવના ધગધગતા ઊછળતાં લોહીને ખોપરીના ખપ્પરમાં ઝીલીને અધ્ધર હાથે ગટગટાવી જવામાં એમને કંપારીય વછૂટતી નથી.

આવાં પાપી પરાક્રમો કર્યાં પછી એમાંનાં એક પણ ભૈરવનાથે દુનિયામાં કોઈ એકાદ માનવીનું ભલું કર્યું હોય એવું હજારો વર્ષોનાં ઈતિહાસમાં ક્યાંય પણ સાંભળવા મળ્યું નથી.

ટેસ્ટટ્યુબમાં પેદા કરવાની બેબીથી માંડી, ઘેટાના જીન્સનું ક્લોનિંગ કરીને મેડિકલ સિદ્ધિ હાંસલ કરનારાઓ અને પેલા ભૈરવનાથો વચ્ચે, ઈમાનદારીથી પ્રયત્ન કરીને શોધવા જઈએ છીએ તોપણ કોઈ ફરક મહેસૂસ થતો નથી અને અગર જો સરખામણી જ કરવી હોય તો લાખો-કરોડો નિર્દોષ પ્રાણીઓ પર અખતરા કરીને, એમને રિબાવી રિબાવીને મારીને શોધખોળો કરનાર કહેવાતા વૈજ્ઞાનિકો કરતાં પેલો એકલદોકલ બલિ ચડાવતો ભૈરવનાથ વધારે 'સારો' છે એમ વિનાસંકોચે કહી શકાય.

એક ડગલું આગળ ચાલી બીજી સરખામણી કરવી હોય તો એમ પણ કહી શકાય કે :

ડાકલાં વગાડી ચીપિયા ખખડાવનાર પાસે પોતાની સમસ્યાનો ઉકેલ મળશે એમ માની માનવીઓ એની પાસે જતા, જ્યારે આધુનિક ભૈરવનાથો ઘેર ઘેર જઈ પોતાની મેલી વિદ્યા અજમાવે છે. તમારી મરજી ના હોય તો તમને બીવડાવે છે, ભડકાવે છે, તમારું ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરે છે. પોતાનો પ્રચાર કરવા દલાલો અને આડતિયાઓના ઈસ્તેમાલો કરે છે.

* * *

એમનાં પ્રચારોનાં ડાકલાંનાં પરિણામે, આમજનતા એટલી ભયથી ફફડી રહી છે કે "પોતાને ગર્ભ રહ્યો છે કે નહીં ?" એ પ્રશ્નનો જવાબ મેળવવા પણ 'એમની' સલાહ લેવા જવું પડે છે અને એમનો (ફલતુ) રિપોર્ટ *'ગર્ભ રહ્યો છે'* એમ કહે તો જ 'સાચું' એમ માનવું પડે છે. નવ મહિનાના એક એક મહિને અને એકેએક દિવસે એ ગર્ભને કેવી રીતે 'ઉછેરવો' એ એમની પાસેથી શીખવું પડે છે અને છેલ્લે પ્રસૂતિ વેળાએ પણ એમના કહેવાથી પેટ ચીરીને બાળકને અકૃત્રિમ રીતે પેદા કરવું પડે છે.

આટલું બધું કરવા છતાં પણ પેલું જન્મનારું બાળક બહુધા જન્મજાત ખોડખાંપણવાળું જન્મે છે. અને સાજુંસારું તંદુરસ્ત જન્મ્યું હોય તો જન્મ પછીના ત્રણેક વરસમાં બાળઉછેર – Child careના નામે આપવામાં આવતી સારવારના પરિણામે હંમેશનું અપંગ, માયકાંગલું કે રોગિષ્ટ બની જાય છે.

* * *

આપણે પિશાચી પ્રકૃતિના ભૈરવનાથોની કમકમાટીભરી વાત કરી.

પરંતુ ઘરબાર છોડી, સંન્યાસ લઈ વિપરિત પરિસ્થિતિઓમાં એકાગ્રતાથી તપશ્ચર્યા કરનારાઓ જેમ પહેલાં હતા એમ આજે પણ છે. એમની તપશ્ચર્યા દ્વારા મેળવેલી 'સિદ્ધિ'ઓનો એમણે સ્વાર્થ કરતાં પરમાર્થમાં જ ઉપયોગ કર્યો હોવાની ઈતિહાસ સાક્ષી પૂરે છે. અલબત્ત, પેલા ભૈરવનાથોની સરખામણીમાં આ તપસ્વીઓની સંખ્યા ફક્ત દસ ટકા જેટલી છે.

એવા વૈદકીય વ્યવસાયના ક્ષેત્રે આદર પામેલા ઉચ્ચ પદવીધારી – વ્યવસાયિક નીતિનિયમો(ethics)નું ચૂસ્ત પાલન કરનાર, વ્યવસાયને વફાદાર અને ઈમાનદાર તપસ્વીઓએ ચેતવણી સ્વરૂપે ઉચ્ચારેલા શબ્દો, કોઈ પણ જાતના ફેરફાર કે મીઠુંમરચું ભભરાવ્યા વિના, વીણી વીણીને તમારી સમક્ષ, તમે સમજો એ ભાષામાં, સોનાની તાસક પર રજૂ કરું છું.

આટલે સુધી લખેલી 'મારી વાત' તમારી સામાન્ય બુદ્ધિ કબૂલ કરે અને એ વાતમાં ભારોભાર તથ્ય છે એ આ તબક્કે જ સમજી લે, તો

જ હવે પછીનું લખાણ તમને સમજાશે. આટલું લખેલું તમને ગળે ના ઊતરતું હોય, તો હવે પછીનાં લખાણનો એક અક્ષર પણ તમને નહીં સમજાય.

વળી પુસ્તિકાનાં મર્યાદિત પાનાંઓમાં જે લખ્યું છે એ લખાણની બે લીટી વચ્ચેનું લખાણ પણ જો તમે અત્યાર સુધીનું લખાણ સમજશો તો જ આપોઆપ સમજાઈ જશે, નહીં તો નહીં.

સમાપન કરતાં એક વાત નિશ્ચિત સ્વરૂપે સમજી લેજો કે આ 'વાત' આ પહેલાં તમને કોઈએ નહીં કરી હોય અને હવે પછી કરશે એવી આશામાં રહેતાં નહીં.

એટલે આ લખાણનો એક પણ અક્ષર માનવો કે ન માનવો એ તમારી મુન્સફીની વાત છે. ***Take it or leave it.***

કારણ :

શરીર તમારું છે. 'Choice is yours.''

સ્વયંવર

ટી.વી. પર પૌરાણિક શાસ્ત્રોની સીરિયલોમાં કંઈ કેટલાય સ્વયંવર જોયાં હશે તમે – નહીં ?

ગર્ભધારણમાં પણ કયા શુક્રાણુની સાથે મળીને ગર્ભ ધારણ કરવો એ નિર્ણય લેવાનું ભગિરથ કાર્ય કુદરતે સ્ત્રીનાં બીજ ઓવમ(ovum)ને, ડીંબને જ આપેલું છે અને એ નિર્ણય લેવામાં પણ સ્ત્રીબીજ તો ફક્ત શુક્રબીજને ઓળખીને એની સાથે એકરૂપ થઈ માત્ર ગર્ભધારણ કરવાની ક્રિયા જ કરે છે. એ શુક્રબીજને સ્ત્રીબીજ સુધી પહોંચાડવાનું કાર્ય કુદરતે ફક્ત એના હસ્તક રાખ્યું છે અને એટલે જ ગર્ભધારણ થયો છે કે નહીં, થયો છે તો કઈ ક્ષણે થયો છે, એ ગર્ભધારણ કરનાર સ્ત્રીને કે જેના શુક્રાણુથી ગર્ભ રહ્યો છે એ પુરુષને, બેમાંથી એકેનેય એની ખબર પડતી નથી. ખબર નથી પડતી એ ફક્ત સ્ત્રી અને પુરુષના જ નહીં આખી સૃષ્ટિના ભલામાં છે.

સામાન્ય માનવી અને આખું મેડિકલશાસ્ત્ર, સ્ત્રીને એના માસિક ધર્મની અંદાજીત તારીખે રક્તસ્રાવ ન થાય ત્યારે જ ગર્ભધારણ થયો છે કે નહીં તે 'જાણવા'ની ઈચ્છા થાય છે. હકીકતમાં એને આ પહેલાં જે

રક્તસ્રાવ થયો હતો એ પછીની કોઈ પણ ક્ષણે ગર્ભધારણ થયો હોવાની શક્યતાઓ હોય છે. એટલે જ્યારે 'તપાસ' કરવાની વાત આવે છે ત્યારે તો એ ગર્ભ દોઢ-બે મહિનાની વૃદ્ધિ પામી ચૂક્યો હોય છે.

એ પછીનાં બેત્રણ અઠવાડિયાંમાં સ્ત્રીને પોતાને સર્વ પ્રથમ પોતાના ઉદરમાં ગર્ભ છે, એની સાવ કુદરતી રીતે ખબર પડવાની શરૂઆત થવાની જ છે. આ એક ક્ષણ એ 'નવસર્જન'ની ક્રિયાની ક્ષણ છે. એ પ્રથમ સર્જન કરનારી સર્જનિકાએ જાણવી જરૂરી છે અને એ સ્વયમ્ પોતાના પતિને એ વાતની જાણ કરે અને પછી વિધિપૂર્વક એના કુટુંબીજનોને જાણ થાય, એમાં આ નવસર્જનની ક્રિયાનો ***'મલાજો' જળવાય છે.*** એક અહોભાવ ઉત્પન્ન થાય છે. એક પવિત્ર આનંદમય વાતાવરણનું નિર્માણ થાય છે. પતિપત્નીના પ્રેમનાં મૂલ્યો ઉચ્ચ કક્ષાએ પહોંચે છે.

એટલે ગર્ભધારણ થયો છે કે નહીં ? એની તપાસણીના તમાશામાં બીજું તો જે શારીરિક નુકસાન થવાનું હોય તે થાય, પણ સૌથી મોટું – કદાપિ રિપેર ન થઈ શકે તેવું માનસિક નુકસાન એ થાય કે :

"નવસર્જનની આખી ક્રિયા કરનાર માતાને કે કરાવનાર પિતાને જે વાતની ખબર પડતી નથી એ પેલા તપાસનારને પડે છે. એટલે કુદરતી રીતે ગર્ભધારણ કરી બાળકનો ગર્ભમાં ઉછેર કરી એને જન્મ આપનાર સ્ત્રી કરતાં કે કુદરત કરતાં પેલો 'પ્રેગ્નન્ટ છે' એમ કહેવાવાળો ડાહ્યો છે, જ્ઞાની છે અને હવે પછીની આખી ગર્ભાવસ્થામાં શું કરવું ? એ પેલી ગર્ભધારણ કરેલી સ્ત્રી કરતાં આ સાહેબને વધારે ખબર છે, એવી એક ગલત ગ્રંથિ બંધાઈ જાય છે.

બસ પછી જે ન થવું જોઈએ તે જ થયા કરે છે અને ડગલે ને પગલે લેવામાં આવતી સલાહોથી જે પરિણામો આવે છે તેનું વર્ણન કરવા રામાયણ-મહાભારત જેવા ગ્રંથો પણ નાના પડે.

ટૂંકામાં કહીએ તો દુનિયાભરના કીડીથી માંડીને હાથી સુધીનાં કે ઘાસથી માંડીને વિશાળ વટવૃક્ષ જેવા કોઈ પણ જીવમાં જન્મજાત વિકૃતિ જોવામાં આવતી નથી, ત્યારે માનવી નામનાં પ્રાણીનાં બાળકો વધુમાં

વધુ જન્મજાત વિકૃતિઓ (Genetic Defects) ધરાવતાં જોવા મળે છે. વિજ્ઞાન ગર્ભાવસ્થામાં જેટલી વધુ ને વધુ ડખલ કરે છે, એટલાં પેલાં જન્મજાત વિકૃત બાળકોની સંખ્યાની ટકાવારી વધતી જાય છે.

આમ થવાનાં શક્ય તેટલાં કારણો, સાવ સંક્ષિપ્તમાં એક નાનકડી પુસ્તિકામાં સરળતાથી સમાવી શકાય એટલાં સમાવી લઈએ.

આમાં જણાવેલાં બધાં જ કારણો ખૂબ જ ભરોસાપાત્ર મેડિકલ સાહિત્યમાં ખૂબ જ ઉચ્ચ પદવીધારી વ્યવસાયને વફાદાર વ્યક્તિઓના જણાવેલ છે. એટલું જ નહીં, આ વિષયમાં મેડિકલ સાયન્સને જેટલી જાણકારી છે એનો ફક્ત એક અંશમાત્ર છે. એટલે એમાં ગલત લખાણને કે અતિશયોક્તિને કોઈ અવકાશ જ નથી. મારાં બધાં જ પુસ્તકોનાં લખાણની જેમ, જેને એ સમજવાં હોય તે સમજે અને ના સમજે એને 'ભગવાન બચાવે' એ ઉક્તિ અહીં ચૂસ્ત રીતે લાગુ પડે છે.

પ્રેગ્નન્સી ટેસ્ટ (?) કોના માટે (?)

તમારા માસિકધર્મની તારીખ ચૂક્યા નથી કે તમારાં કુટુંબીજનો, આડોસીપાડોસીઓથી માંડી તમારાં પિયરિયાં-સાસરિયાં તમારા પર રીતસર તૂટી જ પડે. *"તપાસ કરાવી લે, જે હશે તે ખબર પડી જશે."*

આ સલાહ અમલમાં મૂકવા, તમે તપાસ કરાવવા જાઓ એટલે તપાસ કરાવનાર તમારા મનમાં જાતજાતના શંકાના બીજ રોપવાનું શરૂ કરી દે. ***"જે હશે તે ખબર પડી જશે."*** એ વાક્યના જેટલા અર્થ કાઢવા હોય તેટલા કઢાય, પણ સૌથી સાચો અર્થ એક હોય કે : ***"જે નહીં હોય તે પહેલું ખબર પડશે અને એ જે હશે તે તમારા ભલા માટે જ હશે એવી ભ્રમણામાં રહેવામાં કંઈ માલ નથી."***

Quote :

The most substantial risks you face of deformed or retarded babies may result from the diagnostic tests themselves.

W.D.D.T.Y Page 56.

અર્થાત્, તમારા ગર્ભમાંનું બાળક શારીરિક કે માનસિક ખોડખાંપણવાળું છે, એ જાણવા માટે જે તપાસણી તમે કરાવો છો એનાં

કારણે જ કદાચ તમારું અવતરનારું બાળક શારીરિક કે માનસિક ક્ષતિવાળું જન્મી શકે છે.

સોનોગ્રાફીનાં પરાક્રમો

મોંગોલ ચાઇલ્ડ Down's Syndrome

૧૯૮૧માં રોબર્ટ મેન્ડલ્સને (એક ઈમાનદાર ડૉક્ટર) ચીબા નાક, મોટા કપાળ અને ચુંચી આંખો ધરાવતાં બાળકોની માતાઓની પૂછપરછ કરવાનું શરૂ કર્યું અને પાકી ખાતરી કરી કે ગર્ભાવસ્થામાં કોઈ પણ જાતના સારાસાર વિના આપવામાં આવેલા સોનોગ્રાફીના ટેસ્ટથી, એક્સ-રે કે સ્ક્રીનિંગની તપાસણીઓ વેળાએ ગર્ભવતી સ્ત્રીના શરીરમાં પસાર થયેલા રેડીએશનથી જન્મનારું બાળક મોંગોલ ચાઈલ્ડ પેદા થયું હતું.

બર્લીનની Freie Universityના શોધકોએ ૧૯૮૭માં રશિયાના ચેર્નોબીલ અણુકેન્દ્રમાં થયેલા ગળતરના નવ મહિના બાદ જન્મેલાં બાળકોનો અભ્યાસ કરતાં જણાયું કે :

"આ સમય દરમિયાન ગર્ભધારણ કરેલી માતાઓને અણુકેન્દ્રમાંથી ગળતર થયેલા રેડીએશન(આયોડિન ૧૩૧)ને શ્વાસમાં લેવાને લીધે ડૉન્સ સીન્ડ્રોમ ધરાવતાં બાળકોને જન્મ આપ્યો હતો."

આ જ શોધખોળોના પગલે પગલે, કાર્લ સ્પર્લિંગના હાથ નીચે શોધખોળ કરનારી એક ટુકડીએ, હિંદુસ્તાનના કેરાલામાં અને ચીનમાં ચાંગ-જી-યાન કાઉન્ટીના કરેલાં સર્વેક્ષણોમાં આ હકીકતને સમર્થન આપતા વધુ પુરાવાઓ મળ્યા. જેમાં એક્સ-રે, રેડીએશન ગળતર ઉપરાંત, જમીનમાં રેડીએશન મિશ્ર (વધુ અનાજ ઉગાડવા નાખવામાં આવતું ખાતર) ખાતરવાળી માટીમાં ઊગેલાં અનાજને ખાનારી માતાઓની કુખે પણ મોંગોલ બાળકો જન્મ્યાં હતાં, એ જાણવા મળ્યું.

લેન્કેન્શાયરના અણુકેન્દ્રની આસપાસ વસેલી વસાહતમાં ૧૯૫૭, ૧૯૫૮, ૧૯૬૨ અને ૧૯૬૪ની સાલમાં તપાસ દરમિયાન વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું કે : ***"અણુકેન્દ્રમાં અવારનવાર થતાં નાનાંમોટાં ગળતર લીકેજ અને બાજુમાં જ આવેલા Windscale (હાલના sellafield)માંના અણુકેન્દ્રમાં આગ લાગવાને લીધે થયેલા લીકેજના પરિણામે ડૉન્સ સીન્ડ્રોમવાળાં બાળકોનું પ્રમાણ વધ્યું હોવાનું જણાયું હતું.***

Ref : Journal of Epidemiology and community health 1995 : 43, 617-22.

ડૉન્સ સીન્ડ્રોમ ધરાવતાં બાળકોને જેમ (જવાબદારીમાંથી છૂટી જવા) જણાવવામાં આવે છે કે ***"મોટી ઉમ્મરમાં બાળકો થાય એમાં ડૉન્સ સીન્ડ્રોમ્સનું પ્રમાણ હોવાની વધુ શક્યતાઓ છે."*** એ વાતમાં કંઈ તથ્ય નથી, પરંતુ એમણે કેટલી સોનોગ્રાફીઓ, એક્સ-રે, સ્ક્રીનિંગો સ્કેનિંગ કે એમ.આર.આઈ. કઢાવ્યાં છે એની સાથે વધુ નિકટનો સંબંધ છે.

રેડીએશનથી ફક્ત ડૉન્સ સીન્ડ્રોમ જ નહીં, ક્રોમોસોમ્સમાં ધરખમ ફેરફારો થવાને કારણે જાતજાતની અન્ય ખોડખાંપણો, મગજની જુદા જુદા પ્રકારની બીમારીઓ તેમજ શરીરના સાજાસારા કોષોનું કેન્સરના કોષોમાં રૂપાંતર થવું, બોનમેરોના ડેમેજ થવાથી લોહીનું કેન્સર – લ્યુકેમિયા જેવી બીમારીઓ આવવી, આવાં કલ્પનામાં પણ ન આવે તેવાં ભયાનક પરિણામો જન્મનાર બાળક પર પડી શકે છે (માને થતાં નુકસાનની તો વાત જ જુદી).

British Journal of Cancer : 1990 : 46 : 362-5નો અહેવાલ ટાંકી આ પ્રકરણનું સમાપન કરીએ.

"પ્રેગ્નન્સીમાં ફક્ત એક જ વાર એક્સ-રે શરીરમાંથી પસાર કરવાથી કદાચ બાળક નૉર્મલ જન્મે, તોપણ ભવિષ્યમાં એને જુદાં જુદાં અવયવોમાં કેન્સર થવાના સંજોગો ચાલીસ ટકા વધી જાય છે. બ્લડ કેન્સર (લ્યુકેમિયા ઈ.) થવાના સંજોગો સિત્તેર ટકા થઈ જાય છે અને (જરા કાન ખોલીને સાંભળી લ્યો) બાળક મંદબુદ્ધિ થવાના, એની આખા શરીરની સમગ્ર સેન્ટ્રલ નર્વસ સીસ્ટમ(CNS)નું ટ્યુમર થવાના કે અસ્તવ્યસ્ત થઈ ખોરવાઈ જવાના સંજોગો પચાસ ટકા જેટલા થઈ જાય છે."

મતલબ સાફ છે. ગર્ભાવસ્થા દરમિયાન ટેસ્ટિંગના તમાશારૂપ કરાવેલ સોનોગ્રાફી કે એક્સ-રે અને અન્ય પ્રકારે લેવામાં આવેલાં

રેડીએશનથી અને અક્કલ વિનાની સારવારોથી ફક્ત મંદબુદ્ધિ કે મોંગોલ જ નહીં, અનેક વિવિધ પ્રકારની રંગબેરંગી બીમારીઓ એ બાળકને ભવિષ્યમાં આવી શકે છે.

આપણે બધાં જ એક વાત નિશ્ચિત સ્વરૂપે જાણીએ છીએ કે આવી રીતે પ્રેગ્નન્સી ટેસ્ટ દ્વારા કરવામાં આવેલ તપાસણીઓના પરિણામે ભવિષ્યમાં આવતી કોઈ પણ બીમારીનાં કારણ સ્વરૂપે કોઈ પણ સારવારિયો "આ બીમારી પ્રેગ્નન્સીમાં ટેસ્ટ કરાવવાનાં કારણે આવી છે." એમ ભૂલમાંય કહેતો નથી.

એમ કેમ ?

જવાબ આપવાની જરૂર છે ખરી ?

પ્રોટિન્સ-વિટામિન્સ કૌભાંડ

ફક્ત એક જ વાર 'મા' બની હોય એવી કોઈ પણ દેશની, કોઈ પણ જાતિની, ગામડાની કે શહેરની, ભણેલી કે અભણ, ગરીબ કે પૈસાદાર કોઈ પણ સ્ત્રીને હળવે રહીને પૂછો :

"બહેના મારી ! તને ગર્ભાવસ્થામાં પ્રોટિન્સ, વિટામિન્સ, કેલ્શિયમ, આયર્ન કેટલા મહિના સુધી ખવડાવવામાં આવ્યાં હતાં ?"

આ બધી જ માતાઓનો એક જ જવાબ હશે :

એમને ગર્ભધારણની ખબર પડી ત્યારથી જ કટોરા ભરીને દૂધના ગ્લાસો, એમાં સિન્થેટિક મોંઘાદાટ પ્રોટિન્સના પાવડરો, ઉપરથી અગિયાર જાતનાં વિટામિન્સ અને એકવીસ જાતનાં મિનરલ્સવાળી ગોળીઓ, કેપ્સ્યુલો, મુઠ્ઠા ભરી ભરીને કેલ્શિયમની ગોળીઓ, ઓફકોર્સ આયર્નની ગોળીઓ, ઈન્જેક્શનો અને હવે તો આયોડિનવાળું મીઠું, એમ કહીને ખવડાવવામાં આવ્યાં હતાં કે આ બધું નહીં ખાઓ તો તમારું બાળક શારીરિક કે માનસિક ખોડખાંપણવાળું કે જુદી જુદી જન્મજાત બીમારીઓ લઈને પેદા થશે.

આવો આની પણ મેડિકલ અસલિયત ઓળખી જ લઈએ.

નવજાત શિશુના મગજનો વિકાસ અન્ય અવયવોની સરખામણીમાં ધીમો અને વધુ ચોકસાઈપૂર્વક અને પદ્ધતિસરનો થાય છે.

સંપૂર્ણ સ્વતંત્ર રીતે સમજણું થવામાં એને પાંચથી છ વર્ષ લાગે છે. *એટલે જ આપણા શાણા-સમજુ અને વ્યવહારુ પૂર્વજો બાળકને છઠ્ઠે વર્ષે જ શાળામાં દાખલ કરતા હતા.*

બાળક જન્મ પછી તુરત એની માતાને સ્પર્શથી ઓળખે, પછી સુગંધથી, પછી અવાજથી, પછી નજરથી અને સૌથી છેલ્લે સ્વાદથી ઓળખે. આ બધી જ ઈન્દ્રિયોના મગજ સાથે જોડાનાર ન્યુરોન્સ-જ્ઞાનકોષોની સંપૂર્ણ વૃદ્ધિ માટે એકથી દોઢ વરસનો સમય લાગે. એ દરમિયાનમાં શરીરને જરૂરી સંખ્યામાં ન્યુરોન્સ પેદા થઈ ગયા હોય.

પછી એ ન્યુરોન્સ પોતાની શાખાઓ ઉગાડે અને ફેલાવે જે બીજા ન્યુરોન્સની શાખાઓ સાથે એક પ્રકારના ગુંદરિયા સેલ(ગ્લાયલ સેલ)થી જોડાય. મગજ અને ઈન્દ્રિયનો સંદેશાની આપ-લેનો વ્યવહાર શરૂ થઈ જાય અને ધીમે ધીમે પ્રગતિ કરતો થાય જેને સંપૂર્ણ રીતે વિકસતાં પાંચથી છ વર્ષ લાગે.

જ્યારે મગજની રચના આવી રીતે ખીલી રહી હોય, ત્યારે એમાં કાંઈ ડખલ ના કરાય કે ના એની ગતિ ઝડપી બનાવવા માટે એને કોઈ ચાબખા મરાય.

* * *

ગર્ભાવસ્થામાં ખાધેલ પ્રોટિન્સ મગજને ચાબખા મારીને મોટું કરે. એ વિકાસ મગજની વૈચારિક શક્તિનો નહીં એની સાઈઝનો હોય. મગજનો વિકાસ ધીમે ધીમે પદ્ધતિસર થાય એટલા માટે કુદરતે ખોપરીનાં હાડકાં નરમ અને ખસીને પહોળાં થાય તેવાં બનાવ્યાં છે.

ચાબખા મારીને સાઈઝમાં મોટું કરેલું મગજ આ ખોપરીમાં જરૂરત કરતાં મોટું થઈ જાય. પછી શું થાય તે જોઈએ.

બાળકની માથાની સાઈઝ ગર્ભમાં જ અકારણ જરૂરત કરતાં મોટી થવાને કારણે પ્રસૂતિવેળાએ ખૂબ તકલીફ પડે. (સીઝેરિયન કરવાનું એક તૈયાર બહાનું મળી જાય) કાં તો ફોરસેપ ડિલિવરી કરવી પડે (એમાંય મગજ ડેમેજ થઈ શકે). વેજાઈનાની સાઈડમાં ત્રાંસો કાપો મૂકી (એપીસીએટોમી) પ્રજનન માર્ગ થોડો પહોળો કરવો પડે અને આવું કશું ના કરે તો બાળકના મોટા માથાના દબાણથી યોનિના નીચેના સેન્ટર પર એવું દબાણ આવે કે ત્યાંથી ચામડી ચિરાઈને ગુદામાર્ગ સુધી

ખૂલી જાય. અંગ્રેજીમાં એને પેરીનિયમ ટેર કહેવામાં આવે છે, જેને સહેલાઈથી ટાંકા મારી જોડી શકાતો નથી અને જીવનભર સંડાસની જગ્યાએથી પેસાબ કે પેસાબની જગ્યાએથી સંડાસ બહાર આવે છે.

પછી ?

બાળક જેમ જેમ મોટું થતું જાય, તેમ કુદરતના નિયમ પ્રમાણે એની ખોપરી કડક થતી જાય. આ કડક થતી ખોપરી પેલા અકારણ મોટા થઈ ગયેલા મગજ પર અકારણ-અજુગતું દબાણ લાવે અને આ વણનોતરી આફતથી પેલું ડેમેજ થયેલું મગજ વધુ ને વધુ ડેમેજ થાય.

ના, પ્રોટિનપુરાણ હજુ પૂરું થયું નથી. આટલે સુધી સમજાયું હોય અને પેલા પાન બનારસવાળાની જેમ બંધ અકલ કા તાલા ખૂલ ગયા હોય, તો આગળ વાંચો.

પ્રોટિન્સની શરીરની રોજિંદી જરૂરિયાત ખૂબ જ જૂજ પ્રમાણમાં હોય છે, જે આપણને રોજેરોજના સૌમ્ય ખોરાકમાંથી સહેલાઈથી પચે તેવી કુદરતી માત્રામાં સહજ રીતે મળી રહે છે. મુઠ્ઠીભર ભાવનગરી ગાંઠિયા ચા સાથે ખાઓ, એકાદ રૂપિયાના શીંગદાણા ચાવીને ખાઈ જાઓ કે એકાદ તલનો લાડુ ખાઓ તોપણ પ્રોટિનની જરૂરિયાત પૂરી થઈ જાય છે. (અડધું અમદાવાદ ફાફડા ને જલેબી ખાઈને જીવે છે.) ખોરાકમાં કુદરતી રીતે સમાયેલાં પ્રોટિન્સ પચવામાં હળવાં હોવાથી પાચનક્રિયામાં પૂર્ણપણે ચુસાઈ જાય છે અને વધારાનાં ઝાડા વાટે બહાર ફેંકાઈ જાય છે.

પરંતુ બનાવટી, સિન્થેટિક, કેમિકલ પ્રોટિન્સ, અક્કલ વિનાની સારાસારના વિવેક વિનાની માત્રામાં લીધેલાં હોવાથી સહેલાઈથી તો ઠીક, મુશ્કેલીથી પણ પચી શકતાં નથી. ન પચેલાં ઝાડા વાટે પૂર્ણપણે શરીરની બહાર પણ ફેંકાતાં નથી – પરિણામ ?

ભયંકર... ! એ પ્રોટિન્સ લોહીમાં ભળે છે અને એને લોહીમાંથી પણ બહાર ફેંકવા કીડનીને ખૂબ ખૂબ વધારાનો અકુદરતી શ્રમ પડે છે. ખાસ કરીને ગર્ભવતી માતાને, જેની કીડનીઓ પર આમેય બાળકના રક્તનો કચરો બહાર ફેંકવાનો શ્રમ આવ્યો હોય છે એની કીડની પર આ ડફોળિયા પ્રોટિન્સ બહાર ફેંકવાનો વધારાનો બોજ આવી પડે છે. વળી ગર્ભમાં રહેલા બાળકના શરીરમાં પણ માનું લોહી ફરતું હોવાથી, બાળકના જન્મ વેળાએ પેલું ઠાંસી ઠાંસીને ભરેલું પ્રોટિન બાળકના

લોહીમાં પણ ભળેલું હોય છે, જે બહાર કાઢતાં કાઢતાં બાળકની કીડની જે હજી તો પૂરી ડેવલપ પણ થઈ નથી અને ફક્ત માનાં ધાવણનો કચરો બહાર ફેંકવાની ક્ષમતા ધરાવે છે, એની કીડની પણ રિપેર ન થઈ શકે તેવી ખરાબ થાય છે.

કીડનીના સ્પેશિયાલીસ્ટો અને હવે તો કીડનીની સ્પેશિયલ બનેલી હૉસ્પિટલોમાં નવજાત શિશુઓ અને ત્રણ વરસની અંદરનાં કેટલાં બાળકો કીડનીનાં પેશન્ટ્સ બનીને આવ્યાં છે, તે જુઓ તો આ હકીકત પાછળની અસલિયત આપોઆપ સમજાઈ જશે.

પ્રોટિન્સ અને વધારાનાં વિટામિન્સ ફક્ત કીડની જ નહીં, બાળકનાં લીવરને, પાચનક્રિયાને અને અન્ય નાજુક અવયવોને પણ નુકસાન કરે જ છે. જન્મ થયો હોય તે દિવસથી જ મલ્ટીવિટામિનનાં ટીપાં, વિટામિન સીનાં ટીપાં બાળકની કીડની બહાર કેવી રીતે ફેંકતું હશે ? તેની ફક્ત કલ્પના જ કરો તો કમકમાટી ઊપજશે અને સમગ્ર મેડિકલશાસ્ત્રને જુદી જ રીતે જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થશે.

વિટામિનોનું ફક્ત એક ઉદાહરણ આપીએ :

વિટામિન સી (એસ્કોર્બીક એસિડ)ની શરીરમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં જરૂરત પડે છે, જે પુખ્ત ઉંમરના માનવીને ખોરાકમાંના કોકમ કે બે લીંબુનાં ટીપાંમાંથી આખા દિવસની જરૂરિયાત પૂરતું મળી રહે છે.

વળી વિટામિન સીનો શરીરમાં સંગ્રહ થતો નથી. એવા સંજોગોમાં તુરતના જન્મેલા બાળકને આપવામાં આવતા વિટામિન સીના ટીપાંમાં એક mlમાં ૧૦૦ મી.ગ્રા. એસ્કોર્બીક એસીડ હોય છે અને આવા રોજના બેચાર ટીપાં બેત્રણ વાર આપવાથી ખાસ્સું ચારસો-પાંચસો મી.ગ્રા. બાળકનાં લોહીમાં વિનાકારણ ભળે છે અને એને તુરત બહાર ફેંકવું પડે છે.

હવે જરા કાન ખોલીને આ વાત પણ સાંભળી લ્યો.

આધુનિક મેડિકલશાસ્ત્રે છેલ્લાં પચાસ વર્ષોથી નાનાંમોટાં બધાંને વિટામિન સીના મોટા મોટા ડોઝ આપી લાખ્ખો કીડનીઓ ખરાબ કર્યા પછી હવે એમ કહે છે કે :

"વિટામિન સી વિનાકારણ વધુ પ્રમાણમાં ખાવાથી કીડની બગડી શકે છે કે કીડનીનું કેન્સર પણ થઈ શકે છે."

કેલ્શિયમ કૌભાંડ

કેલ્શિયમની અછત – ડેફીસીઅન્સી એ પશ્ચિમના દેશોની પેદાશ છે, જ્યાં વરસના દસ મહિના સૂરજ જોવાય મળતો નથી. આપણા માદરે વતનમાં તો ચૂનાની ખાણો છે અને સૂરજદાદા બારેમાસ તપતા જ રહે છે. એટલે જ્યાં વધુ પ્રમાણમાં તાપ પડે છે ત્યાં સૂર્યના કિરણોમાંનું વિટામિન ડી શરીર શોષવાથી અને વિટામિન ડી કેલ્શિયમની સાથે મળીને જ કામ કરતું હોવાથી, થોડાક વધુ કેલ્શિયમની જરૂર પડે છે. એટલે રાજસ્થાન, ગુજરાત કે મદ્રાસ જેવા પ્રદેશોમાં પાનમાં કે તમાકુમાં ચૂનો કંઈક અંશે વધારે પ્રમાણમાં એક રિવાજ તરીકે અને આડકતરી રીતે ખાઈને શરીરની કેલ્શિયમની અછત કુદરતી રૂપે પૂરી કરી લેવાય છે. કોઈ મેડિકલ સારવારિયાની ચમચાગીરી વિના.

એવી જ રીતે ગર્ભાવસ્થાના ૭થી ૯ મહિનામાં ગર્ભવતી સ્ત્રીને થોડાક વધારે કેલ્શિયમની જરૂરત પડે છે તો તે ચણામમરા વાળાને ત્યાંથી મળતી શેકેલી માટી – ભૂતડો ખાઈને એની જરૂરિયાત પૂરી કરે છે. (આ ચૂનાની ખાણમાંથી નીકળેલી ચૂનામિશ્રિત માટી છે. જે શેકીને ખાવાથી ચૂનો ચવાય છે અને માટી સંડાસ વાટે બહાર નીકળી જાય છે.) ***વળી આ ચૂનો કેટલો ખાવો તે દર્દી-ગર્ભવતી સ્ત્રી પોતે જ નક્કી કરે છે એટલે ઓવરડોઝનું પ્રમાણ થતું નથી.***

બિલકુલ એવી જ રીતે નાના બાળકને દાંત આવવાના હોય ત્યારે સાતથી નવ-દસ મહિનાની ઉંમર સુધીમાં કેલ્શિયમની થોડી વધારે જરૂર પડે છે. જે ચૂનાની ભીંત ચાટીને, ચોક કે પાટીમાં લખવાની પાઠાની પેન ચાવીને પૂરી કરી લે છે. આ બેમાંથી કોઈનેય એ ચૂનો નડ્યો હોવાનું જાણ્યું નથી.

પરંતુ રીતસર બિવડાવીને, મજબૂર કરીને જે મોંઘીદાટ કેલ્શિયમની ગોળીઓ ગર્ભધારણ થાય ત્યારથી પ્રસૂતિ સુધી અને બાળક ધાવતું હોય ત્યાં સુધી મૂઠા ભરી ભરીને ખવડાવવામાં આવે છે. એનાથી શાં પરિણામો આવે છે, તે વાંચશો તો ખબર પડશે કે કેલ્શિયમ ગર્ભાવસ્થામાં કેમ ના ખવાય ?

સર્વપ્રથમ આવી કેલ્શિયમની બજારમાં મળતી એક ખૂબ જ જાણીતી કંપનીના ગોળીઓના લીટરેચરમાં કીડીની ટાંગ જેવા અક્ષરોમાં

શું લખ્યું છે ? તે વાંચી લઈએ :

Calcium Carbonate : કેલ્શિયમ કાર્બોનેટ 650 mg :

એક ગોળી ૬૫૦ મિ.ગ્રા. એવી ગર્ભવતી સ્ત્રીને ઓછામાં ઓછી બે ગોળી દિવસમાં ત્રણ વાર ખાવાની (શાણી) સલાહ આપવામાં આવે છે. એટલે કે ૧ ગોળી ૬૫૦ મિ.ગ્રા. × ૨ = ૧૩૦૦ મિ.ગ્રા. × ૩ વાર એટલે કુલ્લે દિવસમાં ૩૯૦૦ મિ.ગ્રા. એના લોહીમાં ભળે.

Contra Indication : ક્યારે ન અપાય ? :

હાર્ટટ્રબલ માટે આપવામાં આવતી દવાઓ સાથે ન અપાય.

ગર્ભવતી સ્ત્રીના લોહીમાં Galactoseનું પ્રમાણ વધુ હોવાને કારણે કોઈ અન્ય તકલીફ હોય તેવા સમયે જો કેલ્શિયમની ગોળી લેવાય, તો ગર્ભમાં રહેલા બાળકના લીવર અને મગજ પર એની ખરાબ અસરને કારણે આ બન્ને અવયવો ડેમેજ થાય. (કયા ડૉક્ટરે કેલ્શિયમની ગોળીઓ ખવડાવતાં પહેલાં આની તપાસ કરી હોય છે ? તે એક સર્વેક્ષણનો વિષય બનવો જોઈએ.)

Special Precaution : ખાસ ચેતવણી-સાવચેતી :

લોહીમાં કેલ્શિયમનું નોર્મલ પ્રમાણ એક લીટરે ૧૦૫થી ૧૧૦ મિ.ગ્રા.નું હોવું જોઈએ. અગર દર લીટરે ૫ મિ.ગ્રા. ચોવીસ કલાકની અંદર પેશાબ વાટે બહાર પડે તો તુરંત ***દર્દીના હૃદયના ધબકારા માપવા આવશ્યક છે. (કદાચ એના હૃદયને નુકસાન પહોંચ્યું હોય – કોણે આ ઝંઝટ કરી છે આજ સુધીમાં ?)***

આવી રીતે પેશાબમાં કેલ્શિયમ બહાર પડે એની અસર સમગ્ર કીડનીની કાર્યવાહી પર પણ પડે છે ને કિડની ડેમેજ થાય છે. (મેડિકલ ભાષામાં એને ઈમ્પેર્ડ રીનલ ફન્કશન કહે છે) વળી કીડનીમાં પથરી થવાના સંજોગો વધી જાય છે.

અને અંતમાં પોતાની નૈતિક જવાબદારીમાંથી છટકી જવા આ મહાકાય (જાયન્ટ) કંપની શાણી સલાહ આપે છે :

Avoid Prolonged Use = લાંબા ગાળા સુધી એકસરખી આ ગોળીઓનું સેવન કરવું નહીં.

અર્થાત્ :

રોજની છ ગોળી = ૩૯૦૦ મિ.ગ્રા. × ૩૦ દિવસનો મહિનો = મહિનાની ૧,૧૭,૦૦૦ મિ.ગ્રા. (એક લાખ સત્તર હજાર

મિ.ગ્રા.) × નવ મહિના ગર્ભાવસ્થાના = ૧૦,૫૩,૦૦૦ (દસ લાખ ત્રેપન હજાર મિ.ગ્રા.)ને કદાચ ગોળીઓ ખવડાવનાર લાંબા ગાળાની ટ્રિટમેન્ટ માનતો નહીં હોય.

*　　*　　*

"સમજદાર કો ઈશારા કાફી" પરંતુ દવાઓ જ આપણું ભલું કરે છે એમ માનનારાઓની પોતાની સમજ જેવું હવે કશું રહ્યું જ નથી. એટલે આ કૌભાંડનાં અસલી પરિણામો પર એક નજર કરીએ.

આવું સિન્થેટિક બનાવટી-અકુદરતી રાસાયણિક કેલ્શિયમ ગર્ભાવસ્થાની શરૂઆતથી પ્રસૂતિ સુધી અને પ્રસૂતિ પછી બાળકને છ મહિના સુધી ધવડાવતી *માતાના ખાવાથી એના પેટમાં અને લોહીમાં કેલ્શિયમના ચૂનાની વખારો ઊભરાઈને ખદબદતી હોય અને મૂળ વાત તો એ છે કે ગર્ભાવસ્થા દરમિયાન માનું લોહી બાળકમાં ફરતું હોય અને જન્મ પછી ધાવણમાં આવતું લોહી બાળકના લોહીમાં ભળતું હોય એટલે પેલી વખારોની થોડીક ગૂણીઓ બાળકના લોહીમાં પણ ઠલવાતી જ હોય.*

માની કીડની, લીવર અને કદાચ હૃદય પણ ખરાબ કરનારું કેલ્શિયમ હવે બાળકના બેહાલ કરવાનું શરૂ કરી દે.

ઠાંસી ઠાંસીને વિનાકારણ શરીરના લોહીમાં ભરેલા કેલ્શિયમને કારણે પેલા નવજાત શિશુના હજુ તો આકાર લઈ રહેલા કેટલાય નાજુક અવયવો કાયમના ડેમેજ થયા હોય એની વિગતવાર નોંધ લઈએ તો બીજી બેચાર રામાયણો-મહાભારતો લખાઈ જાય, પરંતુ થોડીક મુદ્દાની વાત કરી જ લઈએ.

શરીરમાં ઠાંસેલું કેલ્શિયમ આગળ જણાવ્યા પ્રમાણે બાળકના હાડકામાંથી વિટામિન ડી વાપરવાનું શરૂ કરે, એટલે બાળકના લોહીમાં કેલ્શિયમના વધેલા પ્રમાણની સાથોસાથ વિટામિન ડી ઓછું થતું જાય. *અસમતુલન થાય.*

શરીરના જીવન ટકાવી રાખવા (Principle of survival)ના સિદ્ધાંત પ્રમાણે, આ અસમતુલન ને સમતુલિત કરવાની શરીરની ક્રિયામાં, બાળકના નાજુક શરીર અને મગજ ઉપર થોડો વધારાનો શ્રમ પડે. જેને કારણે મગજ અને શરીર વચ્ચેની તાલબદ્ધ ક્રિયા ડગમગી

ઊઠે. એ વેળાએ બાળકનું શરીર ખેંચાય, આંકડી આવે (Convulsions) દાંત ભિડાય, મોઢામાંથી ફીણ આવે, બેહોશ પણ થઈ જાય. આ બધું બાળક હજુ તો એક વરસનું પણ ન થયું હોય એ દરમિયાન થાય.

નાનકડા નાજુક ફૂલ જેવા શિશુની આ હાલત જોઈ એનાં મા-બાપ, દાદા-દાદી, આડોસી-પાડોસી બધાં ભેગાં થઈ બાળકને જેમ બને તેમ જલદી મોટામાં મોટા બાળરોગના નિષ્ણાતની સલાહ લેવા જાય અને હજુ તો શું બની રહ્યું છે ? એની ખબર પડે તે પહેલાં તો આ નિર્દોષ નાનકડા ફૂલના કપાળ પર *"આ બાળકને FIT, EPILEPSYની બીમારી છે એવું લેબલ ચોંટી જાય."*

પછી શું થાય ? તે લખવાની મારામાં હિંમત નથી ને અહીં જગ્યા પણ નથી, પરંતુ એક વાત નિશ્ચિત છે.

એક વરસની અંદર આંકડી આવનાર બાળકની સારવાર કરનાર કોઈ પણ એમ કબૂલ કરવા માગતું જ નથી કે જણાવવા પણ માગતું નથી કે : *ગર્ભાવસ્થામાં ઢગલાબંધ ખવડાવેલી કેલ્શિયમની ગોળીઓના પરાક્રમોને કારણે આ ફીટ આવે છે અને થોડો વખત સાચવી લેવાથી શરીર વધારાનું કેલ્શિયમ બહાર ફેંકી દેશે એટલે બધું રાબેતા મુજબનું થઈ જશે. ઊલટું આ ફીટ એક નવી જ બીમારી છે એમ ઠસાવી સ્કેનિંગો કરાવવામાં આવે અને વિષારી ઊંઘની ઘેનની ગોળીઓ ઓછામાં ઓછી પાંચ વરસ ખવડાવવા માટે ફરી એક વાર બિવડાવવામાં આવે. પાંચ વરસ આવી ઘેનની ગોળીઓ ખાધેલાં બાળકોને મેં જોયાં છે. એકબે નહીં, સેંકડોની સંખ્યામાં જોયાં છે. તમે પણ જોયાં હશે અને આ વાત સમજશો અને સમજાવશો તો કદાચ તમે કેલ્શિયમ કૌભાંડના બલિ બનવામાંથી ઊગરી જશો.*

મેટલની મોંકાણ

ગર્ભાવસ્થામાં તમને પરવડે કે ના પરવડે, ભેંસનું દૂધ હોય કે ગાયનું, અડધું પાણી હોય કે ડીટર્જન્ટવાળું ભેળસેળિયું હોય. બસ 'પીઓ ગ્લાસ ફૂલ દૂધ' અને એ ગ્લાસ અસ્સલ પંજાબી સાઈઝનો હોવો

જોઈએ – નહીં તો ? નહીં તો, ભલાદમી એટલીય ખબર નથી ?

"બચ્ચા મર ભી સકતા હૈ"

ભ્રષ્ટ સરકારોએ, છાપાના સ્વાસ્થ્યની કોલમો, રેડિયો અને ટીવી જેવાં રાક્ષસી પ્રચાર માધ્યમોએ, જ્યારથી જનતાના સ્વાસ્થ્યનો ઈજારો પોતાને હસ્તક લઈ લીધો છે, ત્યારથી આવા મહા-બકવાસોએ પ્રજાને હોલસેલમાં બરબાદ કરી નાખી છે.

આમેય ગર્ભ જેમ જેમ વિકાસ પામે, તેમ તેમ પેટનાં આંતરડાં સહિતના બધા જ અવયવો થોડા આઘા-પાછા થાય. દબાય એટલે ખાવામાં, ખાવાનું પચાવવામાં, કચરો બહાર ફેંકવામાં જાતજાતની અસુવિધાઓ રહે જ. એમાંય ગ્લાસ ભરીને દૂધ પીઓ અને એમાંય પેલાં મૂઠા ભરીને બનાવટી પ્રોટીન્સ નાંખો એટલે ? ન થવાનું ઘણું બધું થાય. (દૂધ ગંગોત્રીમાં વિસ્તૃત માહિતી મેળવી લેવા વિનંતી)

પરંતુ આવી રીતે દૂધ ગટગટાવવાથી પછી ગેસ થાય કે એસિડિટી થાય એટલે કોઈ લલ્લુપ્રસાદ એમ ના કહે કે "બહેન, દૂધ વિવાય નહીં ખવાય ખરું" ઊલટું આ ગેસ અને પિત્ત માટે, એસિડિટી માટે એ મૂઠા ભરીને બીજા પ્રકારની ગોળીઓ ખવડાવે.

આવો, પછી શું થાય ? તે જોઈ લઈએ.

એક મહાકાય ઔષધિ બનાવતી કંપનીની આવી જ એક ગોળીમાં શું આવે છે તે પહેલાં જોઈ પછી આગળ વધીએ. રોજની બે કે ત્રણ ગોળીઓ પિપરમીન્ટની માફક ચૂસીને ખાવાની આ બલામાં આવે છે :

Dried Alluminium Hydroxide (એલ્યુમિનિયમ હાઈડ્રોકસાઈડ)	300 Mg.
Magnesium Alluminium Silicate (મેગ્નેશિયમ એલ્યુમિનિયમ સિલિકેટ)	50 Mg.
Magnesium Hydroxide (મેગ્નેશિયમ હાઈડ્રોકસાઈડ)	25 Mg.
Methyl Polysilox (મેથીલ પોલીસીલોક્ષ)	10 Mg.

ફક્ત એલ્યુમિનિયમ નામની ધાતુની જ વાત કરીએ તો રોજની બે ગોળીના હિસાબે રોજનું સાતસો મિલીગ્રામ જેટલું એલ્યુમિનિયમ ગર્ભવતી સ્ત્રીના લોહીમાં ભળે.

આવી જ ગર્ભાવસ્થામાં એક ફેશન તરીકે આપવામાં આવતી બીજી ભારેખમ ધાતુનું નામ છે આયરન (Iron) = લોઢું (લોખંડ).

આવો એનાં પણ જરા અંદરથી દર્શન કરી જ લઈએ. જુદા જુદા પ્રકારના લોખંડના પ્રકાર અને ગોળી દીઠ પ્રમાણ :

1.	Ferrous Fumerate - ફેરસ ફ્યુમરેટ	200 mg
2.	Ferrous Gluconate - ફેરસ ગ્લુકોનેટ	300 mg
3.	Ferrous Glycine Sulphate – ફેરસ ગ્લાયસીન સલ્ફેટ	225 mg
4.	Ferrous Succinate - ફેરસ સસ્કસીનેટ	100 mg
5.	Ferrous Sulphate - ફેરસ સલ્ફેટ	300 mg

રાક્ષસી પ્રચાર માધ્યમો પર ગર્ભાવસ્થા દરમિયાન ઓછામાં ઓછી એકસો ગોળીઓ ખાવાની 'ભલામણ' કરવામાં આવે છે. એટલે ઉપર જણાવેલ આયર્નની ગોળીઓની ઓછામાં ઓછી માત્રા વાળી ૧૦૦ મિ.ગ્રા.ની ગોળીનો હિસાબ કરીએ તો ગોળી ૧૦૦ × ૧૦૦ મિ.ગ્રા. **બરોબર ૧૦,૦૦૦ મિ.ગ્રા. લોખંડ ગર્ભાવસ્થા દરમિયાન માતાના લોહીમાં ભળે. એમાંથી ગર્ભના ઊછરતા શિશુના લોહીમાં જાય.**

ઓછામાં ઓછાં બે પાનાં ભરાય એટલાં નુકસાનોમાંથી ફક્ત વીણી વીણીને જણાવીએ તોપણ આટલાં નુકસાન માને અને બાળકને થાય થાય અને થાય જ.

૧. પેટમાં દુઃખાવો થાય, ૨. ઊબકા આવે ઊલટી થાય, ૩. પેટ ફૂલી જાય, ૪. ડી-હાઈડ્રેશન થાય (શરીરમાં પાણી સુકાઈ જાય), ૫. જોખમકારક રીતે બ્લડ પ્રેશર ઓછું થઈ જાય, ૬. પાચનક્રિયા ખોરવી નાંખે, ૭. કબજિયાત થાય, ૮. ઝાડા પણ થાય.

હવે જરા કાન ખોલીને સાંભળી લ્યો.

વધુ પડતો ડોઝ (?) લેવાથી અથવા વિટામિન સીની સાથે લેવાથી આ લોખંડ શરીરના વિવિધ અવયવોમાં જમા થાય. જેના પરિણામે કીડની ફેઈલ થાય, લીવર ડેમેજ થાય, ડાયાબિટીસ જેવા રોગ

થાય અને અને... અને ? હા હૃદય બગડે કે સદંતર બંધ પણ પડે.

ચાવવા છે લોઢાના ચણા ?

આ પણ જાણી જ લ્યો...

બજારમાં વિવિધ પ્રકારની બીમારીઓના ઈલાજ સ્વરૂપે આપવામાં આવતી હજારો દવાઓમાંની જૂજ દવાઓ બાદ કરતાં મોટાભાગની દવાઓના Contra Indications ક્યારે ન અપાય એ મથાળા હેઠળ – *“ગર્ભાવસ્થામાં કે બાળક ધાવતું હોય ત્યારે ન અપાય” એમ અસ્પષ્ટ લખેલું હોય છે અને એટલું લખીને દવા બનાવતી કંપનીઓ એમની નૈતિક જવાબદારીઓમાંથી છૂટી જાય છે. વળી આ લિટરેચરોના મથાળે આ ફરફરિયું “ફક્ત ડૉક્ટરો માટે જ છે.” એટલે દવા ખાનારે વાંચવું નહીં એવો ગર્ભિત અર્થ થાય અને કદાચ કોઈ દોઢડાહ્યો વાંચે તો એને મેડિકલ ભાષા ના સમજાય. એટલે દવાની કંપનીવાળાના બે હાથમાં લાડુ હોય. ડૉક્ટર આ વાત કોઈને કહેવાનો નથી અને બીજા કોઈને આ વાત સમજાવાની નથી. એટલે પછી ભલે ગર્ભવતી માતાઓ એ ખાય અને તેઓ અને એમના પેદા થનારાં બાળકો હોલસેલમાં બીમાર પડે કે રિબાઈ રિબાઈને મરે – એમાં કંપનીનું કે દવા ખવડાવનારનું રૂંવાડુંયે ન ફરકે.*

ફક્ત એલોપેથીની દવાઓ જ ગર્ભાવસ્થામાં ગરબડ-ગોટાળા કરે છે તેવું નથી. બધી જ જાતની વૈકલ્પિક ઉપચાર પદ્ધતિઓમાં, જેમાં કઈ દવાઓ આપવામાં આવે છે ? તે દર્દીને ખબર જ પડતી નથી (આંધળી ટ્રીટમેન્ટ). તેનાથી પણ ઘણા નુકસાનો થઈ શકે છે અને એવી જ રીતે અક્કલ વિનાના ઘરગથ્થુ ઉપચારો પણ વણનોતરી બીમારીઓ ઉપાધિઓ લઈને આવે છે.

ગર્ભાવસ્થા અને દાંતમાં પુરાવેલી ચાંદી

તમારા દાંતમાં જે ચળકતી ચાંદી પુરાવી છે એમાં ચાંદી કેટલી ?

અંગ્રેજી મેડિકલ ભાષામાં જેને એમાલ્ગમ Amalgam Fillings કહેવાય છે. તેમાં બાવન ટકા પારો-મરક્યુરી હોય છે. એટલે

હકીકતમાં એમાલ્ગમ શબ્દનો અર્થ જ એ થાય છે કે : **“પારામાં મેળવેલી વસ્તુઓ”**. આ ચાંદી(?)માં બાવન ટકા પારામાં બાકીની ટકાવારીમાં તાંબુ, ટીન, સીલ્વર અને ઝીંક એ ચારેય પદાર્થો મળીને બાકીના અડતાલીસ ટકા બને છે.

સ્વીડનની સરકારે ગર્ભવતી સ્ત્રીઓના દાંતમાં ચાંદી પૂરવા પર પ્રતિબંધ મૂક્યા છે. જે સ્ત્રીએ ચાંદી પુરાવી હોય અને પછી ગર્ભવતી થઈ હોય તેની શું હાલત થાય છે એની વિગતો મેડિકલશાસ્ત્ર ક્યાંય પણ જણાવતું નથી.

Ref : Munich Institute for Rechts Medicine.

મ્યુનિક ઈન્સ્ટિટ્યુટ ફોર રેક્ટસ મેડીસીનના ફોરેન્સીક ટોક્સીકોલૉજીસ્ટ પ્રોફેસર ગુસ્તાવ ડ્રાસ્ચ Gustav Drasch અને એમના સાથીઓએ મેડિકલ કારણોસર ગર્ભપાત (**MTP**) કરાવેલા બાળકોના શબોનું પોસ્ટમોર્ટમ કરી શોધી કાઢ્યું કે :

“આ બાળકોનાં મગજ લીવર અને કીડનીમાં પારા-મરક્યુરીનું પ્રમાણ ઘણું વધારે કહી શકાય એટલા પ્રમાણમાં હતું.”

એમણે એ પણ શોધી કાઢ્યું કે, “આ પારો જે સ્ત્રીઓએ આ બાળકોનો ગર્ભ ધારણ કર્યો હતો તેવી સ્ત્રીઓએ પોતાના દાંતોમાં પુરાવેલી ‘ચાંદી’માંથી એમના ગર્ભમાં ઊછરતાં આ બાળકોમાં પસાર થયો હતો. એટલું જ નહીં, પરંતુ બાળકોનાં આ નાજુક અવયવોમાંથી મેળવેલા પારાનું પ્રમાણ, એમની માતાઓએ પુરાવેલી ચાંદીના પ્રમાણ સાથે મળતું આવતું હતું.”

આ કમનસીબ અકાળે મૃત્યુ પામેલાં બાળકોની કીડનીઓમાં તો પારાનું પ્રમાણ એક પુખ્ત વયની સ્ત્રી કે પુરુષે પોતાના દાંતમાં જેટલી ચાંદી પુરાવી હોય, એટલા પ્રમાણમાં હોવાનું જણાયું હતું.”

હવે જરા ધ્યાનથી વાંચો.

જન્મ પહેલાં જ ગર્ભપાત કરાવીને શરીરની બહાર કાઢેલા આ બાળકોએ પોતાની માતાનું ધાવણ તો લીધું જ ન હતું. તો પછી આટલી

બધી મરક્યુરી-પારો એમના અવયવોમાં ક્યાંથી અને શી રીતે પેસી ગયો ?

પ્રોફેસર ગુસ્તાવ આ પ્રશ્નનો જવાબ આપતાં કહે છે :

"જે પ્લેસેન્ટા દ્વારા માનું લોહી બાળકમાં ગર્ભાવસ્થા દરમિયાન ફરે છે, એ લોહી દ્વારા આ પારો બાળકોના શરીરમાં પેસી ગયો અને એ બાળકનાં વિવિધ અગત્યનાં હજુ તો વિકસી રહેલાં અંગો અને આકાર લઈ રહેલા અવયવોની અંદર ઊતરી ગયો અને એટલી બધી તોડફોડ કરી કે એ નિર્દોષ બાળકોને રીતસર ખૂન કરતાં હોય તેવી રીતે અકુદરતી રીતે ગર્ભપાત કરાવી મારી નાખવાં પડ્યાં."

લાખ, કરોડ, અબજો રૂપિયાનો એક સવાલ એ કરી શકાય કે, "આ ખૂન માટે જવાબદાર કોણ ?"

પરંતુ આવા સીધાસાદા સવાલોના સાચા જવાબો મળશે એવી બેવકૂફીભરી ભ્રમણામાં રહેવું નહીં.

References (1) American Journal of Physiology
1990 : 258 : 939-45
(2) European Journal of Pediatrics
1994 : 153 : 607-10

Dr. LARS FREIBERG, Chief adviser to the WORLD HEALTH ORGANISATION ON MERCURY SAFETY and perhaps the world's leading authority on MERCURY POISONING HAS SAID :

"THERE IS NO SAFE LEVEL OF MERCURY."

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મરક્યુરી પોઈઝનિંગ વિષયના ખૂબ જ ઉચ્ચ કક્ષાના નિષ્ણાત સલાહકારના કહેવા મુજબ.

"પારાનું સલામત પ્રમાણ હોતું જ નથી."

ગર્ભાવસ્થાના વિવિધ તબક્કામાં થતી અ-સુવિધાઓ

ગર્ભાવસ્થાના નવ મહિનાને ત્રણ-ત્રણ મહિનાના ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવે છે. જેને મેડિકલ ભાષામાં પહેલું, બીજું અને ત્રીજું ટ્રાઈમેસ્ટર TRIMESTER કહેવાય છે.

૧. ટ્રાઈમેસ્ટર પહેલું. ૧થી ૩ મહિના સુધી.

ઊલટી-ઊબકા આવે, મોળ આવે, સવારના ઊઠવાનું મન ન થાય. (મોર્નિંગ સીકનેસ) ચક્કર આવે. આંબલી-લીંબુ કે કેરીનો આચાર ભાવે. કંઈ પણ ખાવાથી તુરત ઊલટી થાય.

ગર્ભધારણ થયાની આ સુંદર નિશાનીઓ છે, જેમાં ઊલટી-ઊબકા દાબી દેવા માટે આપવામાં આવતી દવાઓ મગજનું ઊલટીનું કેન્દ્ર જૂઠું કરી નાંખે છે. આ સમયમાં વિટામિન B6ની અછત ઊભી થાય છે. એમ જણાવી જે દવાઓમાં વિટામિન B6 હોય તેવી દવાઓ આપવામાં આવે છે.

Vitamin B6ની આડઅસરો :

વધુ પ્રમાણમાં લેવાય તો TOXICITY થાય, ઝેરી અસર થાય.

આ પ્રથમ ત્રણ મહિનાનો સમય ખૂબ કટોકટીભર્યો હોય છે, જેમાં કરવામાં આવતી ઘણીબધી દવાઓ અને તપાસણીઓ એવી હોય છે, જેનું સેવન કરવાથી ગર્ભમાંના બાળકને જન્મજાત ખોડખાંપણો આવી શકે છે, જે માનસિક અને શારીરિક બન્ને પ્રકારની હોય છે. જો આ આડઅસરો વધી જાય તો ગર્ભપાત પણ થઈ શકે છે.

૨. બીજું ટ્રાઈમેસ્ટર ૪થી ૬ મહિના :

ગર્ભાશયમાંના બાળકની વૃદ્ધિ થવાના કારણે માના પેટમાંના જઠર, આંતરડાં, કીડની, બ્લેડર, કમ્મરની કરોડરજ્જુ, લીવર એવા અગત્યના અવયવો દબાવાથી થોડી અસુવિધાઓ થાય. ખાવામાં તકલીફ થાય. ખાધા પછી પચાવવામાં તકલીફ થાય. કબજિયાત થાય. કમ્મર દુખે, ઘડીએ ઘડીએ પેસાબ કરવા જવું પડે. પેટ મોટું દેખાય.

આવી તકલીફો આપોઆપ દૂર થવાની જ હોય, પરંતુ ઈલાજો
કરવામાં આવે તો મોટાભાગની દવાઓ કે તપાસણીઓને કારણે
બાળકના ઉછેરમાં ક્ષતિઓ આવે અને પ્રસૂતિના ગૂંચવાડા વધી જાય.

૩. ત્રીજું ટ્રાયમેસ્ટર ૬ મહિનાથી પ્રસૂતિ સુધી.

ડાયાફ્રામ – પડદો દબાવાથી શ્વાસ લેવામાં તકલીફ પડે.
બાળકના હૃદયના ધબકારા શરૂ થવાથી એનું રક્તભ્રમણ પણ શરૂ થાય.
હલનચલન ચાલુ થઈ જાય. વજન વધવાથી ઊઠવા-બેસવામાં તકલીફ
થાય, નસો પર દબાણ આવવાથી બ્લડપ્રેશર વધે, પગે સોજા આવે.
આવી અસુવિધાઓ પણ સાવ ટેમ્પરરી હોય અને પ્રસૂતિ થતાં
જ ફરી પાછું બધું એની મેળે સારું થઈ જવાનું હોય.
પરંતુ આવા વખતે લેવામાં આવતી બધી જ શ્વાસની કે
બ્લડપ્રેશરની કે સોજા ઉતારવાની દવાઓથી પ્રસૂતિ બગડે, સમય કરતાં
જલદી થાય કે વધારે લંબાય. વિકૃતિ આવે.

અને ફરી મળીએ તે પહેલાં

સર્જન અને વિસર્જન એ ફક્ત કુદરતનો જ વિષય છે અને એમાં
જેટલી ડખલ કરવામાં આવે એટલી વિકૃતિ જ આવે છે એ વાત
સમજાવવા માટે થોથાં ભણવાની જરૂર નથી.
દુનિયાનો જીવ માત્ર સાવ સહજ રીતે સર્જન કરી શકે છે, તેવી
જ રીતે એનો ઉછેર અને અંત પણ સરળતાથી લાવી શકે છે. એટલે
જેમ કૂતરાં-બિલાડાંને પાંચછ બચ્ચાં જણવા મેટરનિટી હૉસ્પિટલમાં જવું
પડતું નથી, એમ સ્ત્રીએ ફક્ત એક બાળકને જન્મ આપવા આટલાં
ઉધામા કરવાની આવશ્યકતા નથી. કુદરતે દરેક જીવના શરીરની રચના
જ એવી અદ્‌ભુત રીતે કરી છે કે, માદા પોતે જ પોતાની પ્રસૂતિ કરી
શકે છે. અગર જો ફક્ત ઈન્સાનિયતના નાતે સ્ત્રીને પ્રસૂતિ વેળાએ
મદદરૂપ થવું જ હોય તો, એમાં એની મા, સાસુ, નણંદ, ભાભી ઈત્યાદિ
ફક્ત સહાયરૂપ થાય અને નૈતિક હિંમત આપે એટલું જ પૂરતું હોવું જ
જોઈએ.

પ્રસૂતિ પછી નાળ કાપવી કે પ્લાસેન્ટાને ધક્કા મારીને છૂટું
કરવામાં પણ કદાચ મેડિકલશાસ્ત્ર અજુગતી ઉતાવળ કરે છે. પ્લાસેન્ટા

ધીરે ધીરે જેમ માળો ગૂંથાયો હતો, તેમ ધીરે ધીરે તાંતણે તાંતણે થોડા સમયમાં આપમેળે વિખૂટું પડે જ છે અને બાળકની – શીશુની દૂંટી સાથે જોડાયેલી નાળની રચના પણ સ્વયં છૂટી પડી શકે તેવી જ કુદરતે બનાવી છે.

કોમ્પ્યૂટરના જમાનામાં 'જ્ઞાન' મેળવવાની જે આંધળી દોટ મૂકવામાં આવી છે, એમાં સામાન્ય માણસને એના શરીરની રચના વિષેનું જ્ઞાન અને રોગોની ખરેખરી સૌમ્ય અસલિયતનું જ્ઞાન ઈરાદાપૂર્વક આપવામાં આવતું નથી અને જે કંઈ ફૂટકલિયું જ્ઞાન ઠોકી ઠોકીને ભેજામાં ઘુસાડવામાં આવે છે, તેનાથી ભય અને બીમારીઓનું પ્રમાણ વધતું જ જાય છે.

મારાં બધાં જ પુસ્તકો આ ઊંડી ને ઊંડી ઊતરતી ખાઈને પૂરવાનો નમ્ર પ્રયાસ કરે છે અને એ પ્રયાસ દિવસે દિવસે વધુ ને વધુ માન્યતા અને આવકાર પ્રાપ્ત કરે છે એ મારું સદ્‌ભાગ્ય સમજું છું.

મેસર્સ આર. આર. શેઠની કું.ના માનનીય શ્રી ભગતભાઈ શેઠ અને શ્રી ચિંતનભાઈએ આ અભિયાન આગળ ધપાવવા અંગત રસ લીધો છે, એ બદલ હું એમનો આભારી છું અને જુદા જુદા વિષયો લઈને આપણે ફરીને ફરી મળીશું એવી આશા રાખું છું.

References with Reverence

જે જે અમૂલ્ય, અલભ્ય અને પ્રમાણભૂત મેડિકલ ગ્રંથો અને સાહિત્યના આધારે આ પુસ્તકનું લખાણ લખાયું છે એમની આભારનોંધ.

(૧) મારા 'ખાલી ખોળો' અને 'જપી થેરેપી' પુસ્તકોના રેફરન્સીસમાં આપેલા બધા જ ગાયનોકોલોજીકલ ગ્રંથો અને સાહિત્ય (લિસ્ટ ખૂબ લાંબું છે એટલે ટૂંકામાં જણાવું છું).

(૨) ઈન્ડિયન, બ્રિટિશ અને યુનાઈટેડ સ્ટેટ્સ ફાર્માકોપીયાઝ

(૩) ગાઈડ ટુ મેડિસીન્સ એન્ડ ડ્રગ્સ – by The British Medical Association

(4) W.D.D.T.Y. by Lynne McTaggart and several other medical journals quoted.